Surat Municipal Corporation

e-Magazine

Issue 29
Dec. 2, 2005



### સુરતના ઈતિહાસમાં  પ્રથમ વખત યોજાયેલો શસ્ત્ર પ્રદર્શન તેમજ લશ્કરી જવાનોના દિલધડક પ્રયોગો

તા. ૨૬–૧૧–૨૦૦૫ના રોજ સુરતમાં 'નો યોર આર્મી' અંતર્ગત સેનાના શસ્ત્ર પ્રદર્શન અને નિદર્શનને ભારતીય સેનાના ગોલ્ડન કતાર ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડીંગ બ્રિગેડીયરશ્રી એમ. આર. નિકમે ધ્વજ લહેરાવી ખુલ્લો મુકયો હતો. ત્યારબાદ આ કાર્યક્રમમાં તોપોની ધણધણાટી અને જવાનોના હેરતભર્યાના પ્રયોગોના જીવંત નિદર્શનને કારણે માત્ર બે દિવસીય આ કાર્યક્રમ સુરતના લોકો માટે કાયમી સંભારણું બની ગયો છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકાના પાંચ લાશ્કરોની રેસ્કયૂ ઓપરેશનની ટ્રેનિંગ માટે પસંદગી

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના મલ્ટી ડિસિપ્લનરી ટાસ્ક ફોર્સ ધ્વારા રેસ્કયૂ ઓપરેશનની ટ્રેનીંગમાં સુરત મહાનગરપાલિકાના પાંચ લાશ્કરોની પસંદગી કરવામાં આવી છે. આ ટ્રેનીંગ એક મહિના સુધી ચાલશે. આ ટ્રેનીંગનો હેતુ કુદરતી કે કૃત્રિમ હોનારત સામે રક્ષણ આપવામાં સક્ષમ બનાવવાનો છે. આ બાબતે ૫૧ જણાની ટીમને નેધરલેન્ડ મોકલીને ત્યાનાં રેસ્કયૂ ઓપરેશન ફાયર વિભાગની પધ્ધતિ વગેરેનું પ્રશિક્ષણ અપાયું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

### રાષ્ટ્ર કક્ષાની બહેનોની બાળ કબડ્ડી સ્પર્ધામાં સુમન હાઈસ્કૂલ નં.૩ (કતારગામ) ની વિદ્યાર્થીનીઓ  બીજા ક્રમે રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી




સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા.૦૮–૧૧–૨૦૦૫ના પત્ર મુજબ રાષ્ટ્ર કક્ષાની બહેનોની બાળ કબડ્ડી સ્પર્ધાનો પ્રશિક્ષણ શિબિર નડિયાદ ખાતે તા.૧૬–૧૧–૨૦૦૫ થી તા.૩૦–૧૧–૨૦૦૫ નાં સમયગાળા દરમ્યાન યોજાયેલ. જેમાં કુલ–૧૮ ખેલાડીઓમાંથી અંતિમ ૧૨ ખેલાડીઓની પસંદગી તા.૨૨–૧૧–૨૦૦૫નાં રોજ રાખવામાં આવી હતી......

વધુ માટે કલીક કરો >>>>>>

### એથ્લેટીક સ્પર્ધામાં સુમન હાઈસ્કુલના ૫ વિદ્યાર્થી ભાઈ–બહેનોની  રાજયકક્ષાએ પસંદગી

તા. ૧૮–૧૦–૨૦૦૫નાં રોજ સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સુરત ખાતે જીલ્લા કક્ષાની એથ્લેટીક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)નાં વિદ્યાર્થીઓએ જુદી જુદી એથ્લેટીક સ્પર્ધામાં ભાગ લીધેલ. જે પૈકી નીચે જણાવ્યા મુજબનાં કુલ–૫ વિદ્યાર્થી ભાઈ–બહેનોની  રાજયકક્ષાએ પસંદગી થવા પામેલ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>



### ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ

"ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તાઃ ૨૮/૧૧/૨૦૦૫ થી તાઃ૧૯/૦૧/૨૦૦૬ દરમ્યાન હાથ ધરવાનો છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતના ઈતિહાસમાં  પ્રથમ વખત યોજાયેલો શસ્ત્ર પ્રદર્શન તેમજ લશ્કરી જવાનોના દિલધડક પ્રયોગો



તા. ૨૬–૧૧–૨૦૦૫ના રોજ સુરતમાં 'નો યોર આર્મી' અંતર્ગત સેનાના શસ્ત્ર પ્રદર્શન અને નિદર્શનને ભારતીય સેનાના ગોલ્ડન કતાર ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડીંગ બ્રિગેડીયરશ્રી એમ. આર. નિકમે ધ્વજ લહેરાવી ખુલ્લો મુકયો હતો. ત્યારબાદ આ કાર્યક્રમમાં તોપોની ધણધણાટી અને જવાનોના હેરતભર્યાના પ્રયોગોના જીવંત નિદર્શનને કારણે માત્ર બે દિવસીય આ કાર્યક્રમ સુરતના લોકો માટે કાયમી સંભારણું બની ગયો છે.

સુરત ઉધના રોડ પર બરોડા રેયોનના વિશાળ સંકુલમાં " તમારા લશ્કરને ઓળખો " અંતર્ગત યોજાયેલા શસ્ત્ર પ્રદર્શન અંતર્ગત આ સંકુલમાં યુધ્ધના મેદાન જેવા દર્શ્યો સર્જાતા લોકો આશ્રયચકિત થઈ ગયાં હતાં.  તોપો અને હેન્ડગ્રેનેડની ધણધણાટી દુશ્મનોને મહાત કરવાના વિવિધ હેરતભર્યા પ્રયોગો જોઈને લોકો ચકિત થઈ ગયાં હતાં.

લોકો ભારે ભીડ વચ્ચે પણ ઘરઆંગણે લશ્કરી જવાનોના પ્રયોગો જોવાની તક ચુકવા માંગતા નહોતાં. લોકો સપરિવાર નાના–નાના બાળકોને લઈ આવીને રવિવારની રજાનો સદઉપયોગ કર્યો હતો. જયારે પ્રદર્શન સ્ટોલ પર ભારતીય સેના ધ્વારા સરહદ પર વાપરવામાં આવતા અત્યાધુનિક સાધનો, તોપ, મશીનગન, એકે–૪૭ જેવી રાઈફલો પણ સુરતીઓએ પ્રત્યક્ષ નિહાળી હતી.



લશ્કરી જવાનોએ પ્રયોગો ઉપરાંત ભારતીય લશ્કર ધ્વારા બાયો ફાઈટીંગ, ખુખરી ડાન્સ, મલખમ, ભાંગડા, બેન્ડ ડીસ્પ્લે પણ કરાયું હતું. લશ્કરના ગુરખા જવાનોએ ખુખરીનો પ્રહારનું નૃત્ય કરી ઉપસ્થિત મહાનુભાવો, આમજનતાને આકર્ષિત કર્યા હતા. 'નેપાલી વીર હો, મીલઝુલ કર આગે બઢો', લશ્કરના જવાનોએ જનમેદનીને અદભૂતના નારાથી નવાજી લીધા હતા. ભારતીય ગણતંત્ર દિવસે યોજાતા પરેડમાં યોજાતું 'પાઈપબેન્ડ' શહેરીજનોનું અનેરૂ આર્કષણ બન્યું હતું. લશ્કરના પંજાબી જવાનોએ અદભૂત ભાંગડા નૃત્ય કર્યુ હતું.

આ પ્રસંગે સુરતની પ્રસીડન્સી શાળાના ભુલકાઓએ દેશભકિત અને બારડોલી અસ્તાન કન્યા વિદ્યાલયની બાળાઓએ ગુજરાતી ગરબો રજૂ કર્યો હતો. આ બંને સંસ્થાઓને જિલ્લા વહીવટી તંત્ર ધ્વારા રૂા. ૨૦૦૧/–નું ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને શહેરના અંદાજીત ૮ લાખ લોકોએ નિહાળ્યું હતું.





TOP

## સુરત મહાનગરપાલિકાના પાંચ લાશ્કરોની રેસ્કયૂ ઓપરેશનની ટ્રેનિંગ માટે પસંદગી

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના મલ્ટી ડિસિપ્લનરી ટાસ્ક ફોર્સ ધ્વારા રેસ્કયૂ ઓપરેશનની ટ્રેનીંગમાં સુરત મહાનગરપાલિકાના પાંચ લાશ્કરોની પસંદગી કરવામાં આવી છે. આ ટ્રેનીંગ એક મહિના સુધી ચાલશે. આ ટ્રેનીંગનો હેતુ કુદરતી કે કૃત્રિમ હોનારત સામે રક્ષણ આપવામાં સક્ષમ બનાવવાનો છે. આ બાબતે ૫૧ જણાની ટીમને નેધરલેન્ડ મોકલીને ત્યાનાં રેસ્કયૂ ઓપરેશન ફાયર વિભાગની પધ્ધતિ વગેરેનું પ્રશિક્ષણ અપાયું હતું. જેમાં સુરત ફાયર બ્રિગેડના જુદા જુદા ત્રણ અધિકારીઓ શ્રી મિત્રા, શ્રી પરમાર અને શ્રીએસ. આચાર્ય એ પણ તાલીમ મેળવેલ છે. બાદમાં આ ૫૧ લાશ્કરો દર વર્ષે શહેરના અન્ય લશ્કરો તેમજ નાગરિકોને પ્રશિક્ષિત કરે એવું વિચારાયું હતું. જેના માટે અમદાવાદ, રાજકોટ અને સુરતમાં સેન્ટર ખોલવાનું નકકી કરાયું હતું. અમદાવાદ ખાતે યોજાનારી આ ટ્રેનીંગમાં સુરત ઉપરાંત રાજયભરનાં ૩૦ જેટલા લાશ્કરો ભાગ લેશે.

TOP

## રાષ્ટ્ર કક્ષાની બહેનોની બાળ કબડ્ડી સ્પર્ધામાં સુમન હાઈસ્કૂલ નં.૩ (કતારગામ) ની વિદ્યાર્થીનીઓ  બીજા ક્રમે રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી



સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા.૦૮–૧૧–૨૦૦૫ના પત્ર મુજબ રાષ્ટ્ર કક્ષાની બહેનોની બાળ કબડ્ડી સ્પર્ધાનો પ્રશિક્ષણ શિબિર નડિયાદ ખાતે તા.૧૬–૧૧–૨૦૦૫ થી તા.૩૦–૧૧–૨૦૦૫ નાં સમયગાળા દરમ્યાન યોજાયેલ. જેમાં કુલ–૧૮ ખેલાડીઓમાંથી અંતિમ ૧૨ ખેલાડીઓની પસંદગી તા.૨૨–૧૧–૨૦૦૫નાં રોજ રાખવામાં આવી હતી. પસંદગીના અંતે કુલ–૧૨ ખેલાડી બહેનોમાં સુમન હાઈસ્કૂલ નં.૩ (કતારગામ) ની વિદ્યાર્થીની વર્ષા જે. ચાંદેગરાની બીજા ક્રમે રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. જેઓ તા.૦૧–૧૨–૨૦૦૫નાં રોજ નડિયાદ મુકામેથી નીકળી કોરબા (છત્તીસગઢ) મુકામે તા.૦૪–૧૨–૨૦૦૫ થી તા.૦૯–૧૨–૨૦૦૫નાં સમયગાળા દરમ્યાન યોજાનાર રાષ્ટ્રકક્ષાની કબડ્ડીની સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે. કબડ્ડી સ્પર્ધામાં આકર્ષક દેખાવ કરી રાષ્ટ્રિય કક્ષાએ પસંદગી પામી સુરત મહાનગરપાલિકા તથા સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ)નું ગૌરવ વધારવા બદલ ઈન્ચાર્જ આચાર્ય અને સમગ્ર શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીની વર્ષા જે. ચાંદેગરાને અભિનંદન આપી રાષ્ટ્રિય કક્ષાએ ઉત્તમ દેખાવ કરવા અંગે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

TOP

## એથ્લેટીક સ્પર્ધામાં સુમન હાઈસ્કુલના ૫ વિદ્યાર્થી ભાઈ–બહેનોની રાજયકક્ષાએ પસંદગી

તા. ૧૮–૧૦–૨૦૦૫નાં રોજ સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સુરત ખાતે જીલ્લા કક્ષાની એથ્લેટીક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)નાં વિદ્યાર્થીઓએ જુદી જુદી એથ્લેટીક સ્પર્ધામાં ભાગ લીધેલ. જે પૈકી નીચે જણાવ્યા મુજબનાં કુલ–૫ વિદ્યાર્થી ભાઈ–બહેનોની રાજયકક્ષાએ પસંદગી થવા પામેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પારેખ જોની પ્રકાશભાઈ | : | ૧૦૦ મીટર દોડ અને ૧૧૦ મીટર વિઘ્નદોડ |
| (૨) | પટેલ કાર્તિક જે. | : | ૧૦૦ મીટર દોડ અને ૪×૧૦૦ મીટર રીલે દોડ |
| (૩) | પ્રજાપતિ રાજેશ | : | ૨૦૦ મીટર અને૪×૧૦૦ મીટર રીલે દોડ |
| (૪) | ગઢિયા મનિષા બી. | : | ચક્ર ફેંક |
| (૫) | તરસરિયા રંજન | : | બચ્છી ફેંક |

સમગ્ર એથ્લેટીકસ સ્પર્ધા દરમ્યાન સુમન હાઈસ્કુલ નં. ૩ (કતારગામ)ના વ્યાયામ શિક્ષક શ્રી મનિષભાઈ બી. ચૌહાણએ માર્ગદર્શન પુરૂ પાડી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. તથા એથ્લેટીકસ સ્પર્ધામાં આકર્ષક દેખાવ કરી રાજય કક્ષાએ પસંદગી પામવા બદલ ઈન્ચાર્જ આચાર્ય અને સમગ્ર શાળા પરિવારે તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોને અભિનંદન પાડવ્યા હતા.

TOP

## ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ



"ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" હેઠળ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ તાઃ ૨૮/૧૧/૨૦૦૫ થી તાઃ૧૯/૦૧/૨૦૦૬ દરમ્યાન હાથ ધરવાનો છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ તા. ૨૮–૧૧–૨૦૦૫ના રોજ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં.૧–૨ ઓલપાડી મહોલ્લો, અઠવા ખાતે સવારે ૧૦.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના માનનિય કમિશનરશ્રી પંકજ જોષીના અધ્યક્ષપદે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈ, અઠવા ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડો. વી.પી.શર્મા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપ શાસનાધિકારીશ્રી શંકરભાઈ પટેલ, પનાસ શહેરી આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફિસર ડો. વિનીતા સિંહા, ડો. પી.સી.લાપસીવાલા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નિરીષકશ્રી વિગેરશે હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત નૃત્ય ધ્વારા કરી હતી અને પધારેલા સૌ આમંત્રિત મહાનુભાવોને પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

માનનિય કમિશનરશ્રી પંકજ જોષીએ મંગળદીપ પ્રગટાવી આ કાર્યક્રમનો શુભારંભ કરી જણાવ્યું હતું કે, આજનું બાળક ભવિષ્યનું નાગરિક છે. બાળક તંદુરસ્ત હશે તો દેશ તંદુરસ્ત થશે બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી કે એનીમીયા, આંત્રકૃમિ, રતાંધળાપણું, દ્રષ્ટિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હોઈ સુરત શહેરનાં નાગરિકોને કાર્યક્રમમાં સહકાર આપવા જણાવ્યું હતું.

ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ.સી.પટેલે કાર્યક્રમ અંગે જાણકારી આપી હતી. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૭૪ તથના માન્ય ખાનગી શાળા ૫૭૩ મળી કુલ ૮૪૭ પ્રાથમિક શાળાઓના ૪,૬૧,૦૦૦ થી વધુ બાળકોને આ કાર્યક્રમમાં તપાસવામાં આવશે. આ માટે મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક/શિક્ષિકા મદદમાં રહેશે. તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી, ચામડીના રોગો ,વીટામીન 'એ'ની ઉણપ, આયોડીન ઉણપ જેવા રોગોની સારવાર શાળામાં જ આપવામાં આવશે સ્થળ પર સારવાર ન આપી શકાય તેવી બીમારી વાળા બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ(૨)સ્મીમેર હોસ્પીટલ(૩)નવી સીવીલ હોસ્પીટલ(૪)જુની સીવીલ હોસ્પીટલ ખાતે આ સારવાર વિના મુલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વિશિષ્ટ ખામીઓ જેવી કે હૃદય, કીડની તથા કેન્સરની ખામી વાળા બાળકોને વધુ સારવાર અર્થે નવી સિવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવે છે. સને ૨૦૦૪–૦૫ના વર્ષ દરમ્યાન હૃદય તથા કીડનીની ખામીવાળા એક, એક બાળકને તથા હૃદયની ખામીવાળા ૧૧ બાળકોને ખાસ કેસ તરીકે વધુ સુપર સ્પેશ્યાલીસ્ટની તપાસ તથા સારવાર માટે નવી સિવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવી હતી તથા આંખની, ખામી/ચશ્માનાં નંબરવાળા ૧૬૭ બાળકોને વિના મૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતાં. હૃદયની ખામીવાળા બીજા ૫૫ બાળકોને તા. ૦૫–૧૨–૨૦૦૫ થી તા. ૧૨–૧૨–૨૦૦૫ દરમ્યાન સુપર સ્પેશ્યાલીસ્ટની તપાસ તથા બાળકોને વધુ સારવાર માટે નવી સિવીલ હોસ્પીટલ, અમદાવાદ ખાતે મોકલવામાં આવનાર છે. આપવા સાથે બહુજન સુખાય, બહુજન હિતાય સુત્રને સાર્થક કરવા અનુરોધ કર્યો હતો.

આરોગ્ય અધિકારી ડો. હેંમત દેસાઈએ કાર્યક્રમ અંગે જાણકારી આપી કાર્યક્રમને સફળ બનાવવા ખાતા મારફતે જરૂરી તમામ પગલા લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ સી.આર.સી. કેમ્પનાં સંચાલક ધ્વારા કરવામાં આવી હતી.

TOP